# ડીસામાં ૩૨ મોબાઈલ ટાવર ધારકોને પાલિકાની નોટીસ

ડીસા, તા.૧૮

ડીસા નગરપાલિકા દ્વારા શહેરના ૩૨ થી વધુ મોબાઈલ ટાવર ધારકોને નોટીશો અપાઈ છે,આ નોટીશો ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ નાં પ્રબંધો તેમજ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ ની જોગવાઈ મુજબ પાઠવી બિનઅધિકૃત રીતે ગેરકાયદેસર રીતે નિભાવાતા મોબાઈલ ટાવર ધારકોને નિયમ નિભાવવા તાકીદ કરાઈ છે નોટિસ મળ્યાના દિન ૭ માં ટાવર લગતા નિયમો નિભાવ્યા ની લેખિત જાણ કરવાની સૂચના આપવાની પણ ચીમકી આપતા ચકચાર મોબાઈલ કંપની ઓં દોડતી થઈ છે આ મુદ્દે ફરિયાદ થતા પાલિકા તંત્ર સફાળું ઊંઘમાં થી જાગ્યું છે અને ૩૨ થી વધુ મોબાઈલ ટાવર ધારકોને નોટીશ આપી કાર્યવાહી હાથ ધરી છે

બનાસકાંઠા ના ડીસા માં તંત્ર ની રહમ નજર તળે અનેકો બિલ્ડીંગો, ધાબા,અગાશી પર વિવિધ મોબાઈલ કંપનીઓં દ્વારા મોતના ખતરારૂપ ટાવરો ઉભા કરાયાં છે,આ ટાવરો રાખવા મુદ્દે કેટલાક ખાસ નીતિ નિયમો છે જેને નઘરોળ તંત્રે ધ્યાને લીધા નથી અને આ અંગે તંત્ર પાસે કોઈ ગાઈડલાઈન્સ પણ નથી. ગેરકાયદે ખડકી દેવાયેલા મોબાઈલ ટાવરો અંગે ડીસા પાલિકા ને અનેક વખત જે તે વિસ્તારના રહીશોએ રજૂઆતો કરી છે, પરંતુ તેનુ કોઈ પરિણામ આવ્યુ નથી. અહી નિયમ ની વાત કરીએ તો બે મોબાઈલ ટાવર વચ્ચે ઓછામાં ઓછું એક કિલોમીટરનું અંતર હોવું જોઈએ તેમજ તેની ઊંચાઈ અગાશીથી એકસો મીટર ઊંચે હોવી જોઈએ જેથી તેના રેડિએશન જમીન પર ન આવે.



આવા મોબાઈલ ટાવરો પર નિયમ મુજબ સિગ્નલ લાઈટો પણ લગાવી નથી ડીસા માં તાજેતરમાં વાયુસેના ના ટ્રેનીંગ કામ માં જોતરાયેલા હેલીકોપ્ટરો ની આવન જાવન તેજ બનતા રાત્રી સમયે આકાશમાંથી પસાર થતા વિમાનો અકસ્માતે અથડાવવા નો પણ ભય ઉભો થયો છે, ત્યારે ડીસા પાલિકા એ આ બાબત ની ગંભીરતા સમજી છે, અને ૩૨ જેટલા મોબાઈલ ટાવર ધારકો ને નિયમ મુજબ આ ટાવરો ની કામગીરી કરી, લાઈટો લગાવી અહેવાલ આપવા નોટીશો પાઠવી છે અને જો આ નોટીશ મુજબ કામગીરી નહિ કરાય તો કાયદામુજબ કાર્યવાહી કરાશે તેવું ડીસા નગરપાલિકા સત્તાધારી પક્ષના સદસ્ય દીપકભાઈ પટેલે જણાવ્યું હતું .

# ધનસુરા તાલુકામાં ૧૯૩.૩૦ લાખના વિકાસ કામોનું લોકાર્પણ

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લામાં વણથંભી વિકાસ યાત્રા અંતર્ગત વિકાસ કામોનું લોકાર્પણ કરવાના બીજા દિવસે ધનસુરા તાલુકાના જુદા જુદા વિકાસ કામોનું લોકાર્પણ ભૂમિપૂજન અને ખાતમુહુર્ત ગુજરાત રાજય કૃષિ વિકાસ બોર્ડ ગાંધીનગરના અધ્યક્ષશ્રી રમણભાઈ નાથાભાઈ પટેલના હસ્તે આકડીયાના મુવાડા બારનોલી એનેચ રોડ રૂ.૩૬.૦૧ લાખ, કમાલીયાકંપા એનેચ રોડ રૂ.૨૦.૯૨ લાખ અને ધનસુરા દોલપુર શિણોલ રોડ રૂ.૧૦૧.૧૦ લાખ તેમજ રૂ.૩૫.૨૭ લાખના અન્ય કામો મળી કુલ રૂ.૧૯૩.૩૦ લાખના વિકાસ કામોનું લોકાર્પણ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.



(તસવીર : જય અમીન, મોડાસા)

કમાલીયા કંપા ખાતે યોજાયેલ લોકાર્પણ સમારંભમાં અધ્યક્ષશ્રી રમણભાઈ નાથાભાઈ પટેલે જણાયું હતું કે, ગ્રામ્ય કક્ષાના જનજીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. રાજય સરકાર દ્વારા છેવાડાના નાનામાં નાના ગામડાપરાના કાર્યોને પણ વેગવંતા બનાવવાના અભિગમ અપનાવ્યો છે ત્યારે મહિલાઓએ પણ વહીવટમાં ભાગીદાર થવા આગળ આવવા જણાવી કૃષિ વ્યવસાય સાથે પશુપાલનને પણ સાંકળી લઈ આર્થિક સમૃધ્ધિ મેળવવા જણાવ્યું હતું. આ ઉપરાંત વધુમાં જણાવ્યું હતું કે માન. વડા-ધાનશ્રીના સ્વચ્છ ભારત અભિયાનને સાર્થક કરવા સહભાગી બનવા અનુરોધ કર્યો હતો તેમજ ગતિશીલ ગુજરાત અંતર્ગત કુપોષિત બાળકોને દત્તક લઈ જરૂરી પોષિત આહાર આપી તંદુરસ્તી બક્ષવાના ભગીરથ કાર્યમાં યોગદાન આપી પુણ્ય મેળવવા જણાવ્યું હતું.

આ -સંગે પૂર્વ જિલ્લા પંચાયત -મુખ શ્રીમતી હેમલતાબેન પટેલ, સરપંચશ્રીમતી મધુબેન પગી, પદાધિકારીઓ સર્વશ્રી અનિલભાઈ પટેલ, શ્રી રઘાભાઈ મકવાણા, સરપંચશ્રીઓ, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતના સભ્યશ્રીઓ, તેમજ -ોબેશનર આઈએએસ શ્રી મનિષકુમાર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુધીર પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર શ્રી જે.જે.પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસથિત રહયા હતા. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ તાલુકાના અધિકારીઓપદાધિકારીઓ સાથે બેઠક કરી હતી. તાલુકાના વિવિધ -શ્નોની માહિતી મેળવી હોદ્દેદારો સાથે પણ બેઠક કરી હતી.


# મોડાસા એપીએમસીમાં ગવારમાં ૯૦૦ની તેજી

## ગવારના ભાવમાં તેજી નોંધાતા ખેડૂતોમાં હર્ષની લાગણી

મોડાસા, તા. ૧૮

ગવારના ભાવમાં ચાલુ વર્ષ કડાકો થતા ખેડૂત વર્ગ છેલ્લા કેટલાક સમયથી ચિંતિત બન્યો હતો ત્યારે છેલ્લા એક સપ્તાહમાં ક્વિન્ટલે ૯૦૦ રૂપિયાનો ભાવ આ તેજી આગામી દિવસોમાં પણ જળવાઈ રહે તેની આશા પણ વેપારીઓ તથા ખેડૂતો સેવી રહ્યા છે.

યુરોપીય દેશોમાં ગામ ઉદ્યોગમાં તેજીના સંદર્ભે ગવારની નિકાસ પણ થઈ રહી હોવાથી તેમજ પશુ



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

વધારો થતા ખેડૂતો મલકાઈ ઉઠ્યા છે. આ ભાવની તેજી જોતા ખેડૂતો પણ અત્યાર સુધી સંઘરી રાખેલ ગવારનો જથ્થો બજારમાં ઠાલવી રહ્યાં છે.

અરવલ્લી જિલ્લાના ઘણાખરા ખેડૂતો રોકડિયા પાક તરીકે ગવારની ખેતીને પ્રાથમિકતા આપતા હોય છે. ચાલુ વર્ષે ગવારના ભાવમાં કડાકો થતા ખેડૂતોને નુકશાન થવાના વર્તારો થયા. પરંતુ છેલ્લા એક સપ્તાહમાં ગવારના ભાવમાં તેજી નોંધાતા ખેડૂતોમાં આનંદ ફેલાયો છે. ભાવ ક્વિન્ટલ દીઠ ૯૦૦ રૂપિયા કરતા પણ વધારે થતા જે ખેડૂતોએ ગવારનો પાક સંગ્રહી રાખ્યો હતો તેને બચવા માટે ખેડૂતો હવે બજારમાં દેખાઈ રહ્યા છે.

આહાર માટે પણ ગવારની પુછપરછ થતા ગવારના ભાવમા તેજી શરૂ થઈ રહી છે. આંતરરાષ્ટ્રિય બજારોમાં પણ ગવાર ખરીદી માટે તલ પાપડ બન્યા હોવાથી આ તેજી નજીકના દિવસોમાં વધુ જોર પકડી શકે તેવી શક્યતા પણ જણાઈ રહી છે.

ગવારના ભાવમાં તેજીના દિવસો આવતા ખેડૂત વર્ગ હરખાઈ ઉઠ્યો છે. ત્યારે આગામી દિવસોમાં નિકાસ પણ ઝડપી બનવાની શક્યતાઓ પણ વધી ગઈ હોવાથી ખેડૂતો સંઘરેલો ગવારના ભાવ માટે આશાવાદી બન્યા છે અને આગામી દિવસો ખેડૂતો માટે સુવર્ણકાળ લાવશે તેવું જણાઈ રહ્યું છે.

# લીંભોઈના શનેશ્વર મંદિરે શનિદેવની કૃપા મેળવવા ભક્તોની ભારે ભીડ

મોડાસા, તા. ૧૮

આજે શનિવાર અને અમાસનો અનોખો સંયોગ હોવાથી તેનું શનેશ્વરી અમાસ તરીકે અનેરૂ મહાત્મ્ય છે. ન્યાસના દેવતા ગણાતા શનિદેવના ભક્તો આજે શનૈશ્વરી અમાસની સાથે ચૈત્રી અમાસ હોવાથી આજે પિતૃદોષ નિવારણ અને પનોતીદોષ નિવારણ માટે સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. ત્યારે આજે શ્રી વારીનાથ હનુમાનજી પંચદેવમ એવમ શ્રી શનિદેવ મંદિર લીંભોઈમાં શનિદેવના આશીર્વાદ મેળવવા અરવલ્લી જિલ્લા અને આજુબાજુના વિસ્તારના ભક્તજનો ઉમટી પડ્યા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લીંભોઈ ગામમાં આવેલા શ્રી વાડીનાથ હનુમાનજી પંચદેવમ એવમ શ્રી શનિદેવ મંદિર લીંભોઈના પટાંગણમાં વર્ષમાં એક જ વાર આવતી શનિ અમાવસ્યાના દિવસે શ્રી શનિદેવ મહારાજનો અભિષેક શણગાર અને ૫૬ ભોગ પ્રસાદ તેમજ સંધ્યા આરતીનું ભવ્ય આયોજન શ્રી શનેશ્વરગ્રુપ મુલુંડ મુંબઈ તથા ગામના અગ્રણી શનિભક્ત ઈશ્વરભાઈ ત્રિવેદી, ડૉ. ગોપાલ પટેલ, મહેશભાઈ પટેલ, રવીન્દ્રભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ, ગીરીશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં અરવલ્લી જિલ્લાના ભક્તજનો ઉમટી પડ્યા હતા. આજે વહેલી સવારથી જ શનૈશ્વરી અમાસના દિવસે જિલ્લાના પ્રજાજનો શનિદેવને રીઝવવા અને શનિદેવ ન્યાયના દેવતા ગણાતા હોવાથી અરવલ્લી જિલ્લામાં આવેલા હનુમાનજીના મંદિરોમાં ભક્તોની





(તસવીર : જય અમીન, મોડાસા)

લાઈનો લાગી હતી. જયારે અરવલ્લી જિલ્લા અને આજુબાજુના વિસ્તારમાં આવેલુ એકમાત્ર શનેશ્વર મંદિર લીંભોઈમાં શનીની પીડા અનુભવતા હોય તેવા લોકોએ શનિ અમાવસ્યાએ ઉપવાસ રાખી શનિદેવ મહારાજની આરાધના કરી હતી. શનિ અમાવસ્યાના દિવસે શ્રી વાડીનાથ હનુમાનજી પંચદેવમ એવમ શ્રી શનિદેવ મંદિરમાં ભાવિકોનું ઘોડાપુર ઉમટ્યું હતું અને ભક્તો દ્વારા ઓમ શં શનૈશ્વરાય નમઃ મંત્રના નાદથી મંદિરનું પટાંગણ ગજવી મુક્યું હતું.

# પાલનપુર મુકામે સીટી બસોનું લોકાર્પણ કરાયું

પાલનપુર, તા.૧૮

પાલનપુર શહેરમાં પરિવહન માટે પ્રજાને સુવિધા આપવા નગરપાલિકા દ્વારા ઈજારા પધ્ધતિથી સીટી બસ સેવાનો પ્રારંભ કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી હરીભાઈ ચૌધરીના વરદહસ્તે કરવામાં આવ્યો છે. પચ્ચીસ સીટની બેઠક વ્યવસ્થા ધરાવતી આ બસમાં લઘુતમ ભાડુ રૂ. ૪-૦૦ અને મહત્તમ ભાડુ રૂ. ૭-૦૦ છે. શહેરમાં ચાલતી સીટી બસોમાં પ્રથમવાર સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ઉપલબ્ધ છે. સીનીયર સીટીઝન અને મહિલાઓ માટે ટીકીટના દરમાં કન્સેશનની વ્યવસ્થા છે. ભૂતપૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ, નગરપાલીકાના પ્રમુખ હસમુખભાઈ પઢીયાર, પૂર્વ પ્રમુખ શ્રીમતિ હર્ષાબેન મહેશ્વરી, નગરપાલીકાના સદસ્યશ્રીઓ અને અધિકારીઓ તથા લોકો ઉપસથિત રહયા હતા.

# પાલનપુર ખાતે દ્વારકાધીશ ભગવાનનો પાટોત્સવ : ભાગવત કથા સપ્તાહ યોજાશે

## રૂ. ૧ કરોડના ખર્ચે નવીન તૈયાર થયેલ ભગવાનની હવેલીમાં પ્રભુની પધરામણી કરાશે

પાલનપુર, તા. ૧૮

ભગવાન શ્રી દ્વારકાધિશજીની હવેલી પાલનપુર શહેરના ઢાળવાસ વિસ્તારમાં મંસરીવાસ નજીક જે જૂની હવેલી હતી તેના સ્થાને રૂ. ૧ કરોડના ખર્ચે ભક્તોના સહયોગથી નવીન હવેલી બનાવાઈ છે. ત્યાં ભગવાનનો પાટોત્સવ સાથે શહેરના લક્ષ્મણટેકરી ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરાયું છે. આ કથાનું રસપાન પરમપૂજ્ય ભાગવતાચાર્ય કિશોરચંદ્ર વિનોદચંદ્ર શાસ્ત્રીજી (વડોદરાવાલા) તેમની સંગીતમય શૈલીમાં કરાવશે.

આ પ્રસંગે તૃતિય.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પીઠાધિશ્વર કાંકરોલી નરેશ પૂ. પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી રજેશકુમારજી મહારાજશ્રીના આશીર્વાદ અને આજ્ઞાથી તેમજ કાંકરોલી તૃતિય પીઠ યુવરાજ પૂ. પાદ ગોસ્વામી ૧૦૮ ડૉ. વાગીશકુમારજી મહોદયના માર્ગદર્શન અંદાજે ૧૦૦ વર્ષ કરતાં પણ પૌરાણિક શ્રી દ્વારકાધિશજી ભગવાનના મંદિરે પાલનપુરના જીર્ણોદ્ધારનું કામ સુખરૂપ સંપન્ન થયેલ છે. આ પ્રસંગે ડૉ. વાગીશકુમારજી મહોદયશ્રીના વરદ્ હસ્તે તા. ૨૪-૪-૨૦૧૫ને શુક્રવારે સવારે ૬.૩૦ વાગે બ્રહ્મસંબંધ આપવામાં આવશે. તારીખ ૧૯-૪-૧૫ થી તા. ૨૬-૪-૧૫ સુધી દરરોજ બપોરે ૩.૦૦ થી ૭.૦૦ કલાક સુધી લક્ષ્મણટેકરી, માનસરોવર રોડ ખાતે ભાગવત સપ્તાહ કથાનું રસપાન કરાવવામાં આવશે.

# ઊંઝાના કરણપુર ગામે યુવાનની હત્યામાં માતા પિતાની સંડોવણીથી ચકચાર : પાંચની ધરપકડ

ઊંઝા, તા. ૧૮

ઊંઝા તાલુકાના કરણપુરથી રમછોડપુરાના માર્ગ પર કરણપુર ગામની સીમમાં તાજેતરમાં કોઈ અજાણ્યા ઈસમોએ એક અજાણ્યા યુવાનની કરપીણ હત્યા કરી હોવાના બનાવ સંદર્ભે મહેસાણા એસ. ઓ. જી. પોલીસે હત્યાના ગુનાનો ભેદ ઉકેલી આ ગુનામાં સંડોવાયેલ મરનાર યુવાનના માતા-પિતા સહિત પાંચ ઈસમોની ધરપકડ કરી ગુનાના કામે વપરાયેલ ટ્રક અને ચાર મોબાઈલ ફોન કબજે કરેલ છે. આ ગુનામાં માતા-પિતાએ જ પોતાના પુત્રની હત્યાના કામે આરોપીઓને રૂપિયા બે લાખ નક્કી થયા હોવાનું બહાર આવતા ભારે ચકચાર જાગી છે.

મહેસાણા એસ.ઓ.જી. પો.ઈ. જે.એસ. ચાવડા, પો.સ.ઈ. ગામેતી, પરમાર અને સ્ટાફના માણસોએ ગુનાની તપાસમાં વૈજ્ઞાનિક તથા મોબાઈલ ટેકનોલોજીનો ઉપયોગ કરી આરોપીઓનું પગેરૂ શોધ્યું હતું. જેમાં મૃતક સતિષ રમણલાલ પટેલ રહે. સોનેરીપુરા તા. જી. મહેસાણા હોવાની ઓળખ થઈ હતી. આ કામે મૃતક યુવાનના પિતા રમણભાઈ વિઠ્ઠલદાસ પટેલ અને તેની માતા જમનાબેન પટેલે પોતાનો દિકરો સતિષ માનસિક બિમારીના કારણે ભણતો ન હોઈ તથા ઘરમાં અવારનવાર ઝઘડા કરતો હોઈ ઘરના માણસો તેના વર્તનથી ત્રાસી ગયા હતા અને માતા પિતાએ તેનું કાસળ કાઢવાનું નક્કી કરેલ. જેથી આજથી બે વર્ષ પૂર્વે તેમના ભત્રીજા રાજેશ ઉર્ફે રાજુ ઈશ્વરલાલ પટેલ રહે. ધારપુર પાટણવાળાને આપવીતિ જણાવી આનો કોઈ રસ્તો કરવા જણાવ્યું હતું. આથી રાજેશ પટેલ પોતાના મિત્ર બકાભાઈ, ભરતગીરી, નથુજીને વાત કરી હતી.

બાદ તમામ આરોપીઓએ ભેગા મળી સતિષનું કાસળ કાઢવા બે લાખ રૂપિયા નક્કી કર્યા હતા. જે પ્લાન મુજબ ગત તા. ૩-૪-૧૫ના રોજ ભુવાને બતાવવાના બહાના હેઠળ સતિષના મા બાપ સહિત તમામ આરોપીઓ ગાડીમાં બેસીને પાલનપુર ડીસા ગયેલા. જ્યાં ટ્રક ચઢાવી સતિષને મારી નાંખવાનું નક્કી કર્યુ હતુ. પરંતુ બકાજી ઠાકોરની ગાડી (ટ્રક) માટીમાં ફસાઈ જતાં કામ થઈ શક્યુ ન હતુ. અહીંથી નીકળી કડી કલોલ નર્મદા કેનાલ પર ગયેલા પરંતુ કેનાલમાં ફેંકી શક્યા ન હતા અને મહેસાણા આવેલા. જ્યાં રાજુભાઈ અને રમણભાઈ પટેલ ઉતરી ગયેલા. બાકીના આરોપીઓ ઈકો ગાડીમાં માઉન્ટ આબુના રસ્તે લઈ ગયા હતા પરંતુ સતિષ ગાડીમાંથી ન ઉતરતાં પાલનપુર થઈ સિદ્ધપુર આવ્યા હતા. ત્યારબાદ ભરતગીરીએ નાથુજીને બોલાવી ટ્રક નં. જીજે૨૪યુ૨૫૭૭ લઈ બધા ચાર રસ્તા પર ભેગા થયેલા અને ૪થી એપ્રિલના રોજ રાત્રે સિદ્ધપુર વિસનગર રોડ પર રણછોડપુરા ગામ પાસે ઈકો ગાડી થોભાવી નીચે ઉતરી સતિષને સખ્ત માર મારી અર્ધબેભાન જેવી હાલતમાં મુકી દીધો હતો અને બાદમાં તેના પર ટ્રક ફેરવી દીધી હતી. ત્યારબાદ બધા ઉનાવા ભેગા થયેલા અને પૈસાનું નક્કી કરી છૂટા પડ્યા હતા. આ ગુનો કર્યા પછી પહેલા નેવું હજાર અને પછી પચાસ હજાર મળી કુલ ૧,૪૦,૦૦૦ રૂપિયા ચૂકવ્યા હતા.

યુવાનની હત્યામાં સંડોવાયેલા રાજુભાઈ ઈશ્વરભાઈ પટેલ (રહે. ધારપુર, પાટણ), ભરતગીરી શંકરગીરી ગોસ્વામી રહે. રામલાદા તા.જી. પાટણ, નથુજી ચમનજી ઠાકોર રહે. દાસજ તા. ઊંઝા, પટેલ રમણલાલ વિઠ્ઠલદાસ રહે. સોનેરીપુરા તા. જી. મહેસાણા અને પટેલ જમનાબેન રમણલાલ રહે. સોનેરીપુરા તા.જી. મહેસાણાને પોલીસે અટક કરી ગુનાના કામે વપરાયેલ ટ્રક અને ચાર મોબાઈલ ફોન કબજે કરી વધુ તપાસ આરંભી છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧